અપીલ અરજી નં.૧૬ તા.૧૩–૪–૧૦/૧૧

અરજદાર:– શ્રી વરિયા ઝવેરભાઈ પાંચાભાઈ
સામાવાળા:– ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વરિયા ઝવેરભાઈ પાંચાભાઈ ની તા.૨૨–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. તા.૨–૨–૦૮ ના રોજ વરીયા ઝવેરભાઈ પાંચાભાઈ નામની બી.પી.એલ. યાદીમાં નામ દાખલ કરવાની અરજી આપેલ છે. અરજી નં.૨૭૩૪૯ જે આ સાથે સામેલ છે તો આ અરજીની બાબતમાં થયેલ કાર્યવાહીની તમામ માહિતી આપવામાં આવે.વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૬/૨૦૧૦–૧૧

શ્રી વરિયા ઝવેરભાઈ પાંચાભાઈ ની તા.૨૨–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. તા.૨–૨–૦૮ ના રોજ વરીયા ઝવેરભાઈ પાંચાભાઈ નામની બી.પી.એલ. યાદીમાં નામ દાખલ કરવાની અરજી આપેલ છે. અરજી નં.૨૭૩૪૯ જે આ સાથે સામેલ છે તો આ અરજીની બાબતમાં થયેલ કાર્યવાહીની તમામ માહિતી આપવામાં આવે.વિ.મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે આપેલ માહિતી અધુરી તથા સતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬ તા.૨૦–૪–૧૦ થી ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી નકલ તથા મળેલ માહિતી અધુરી છે તે અંગેના આધાર સહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૩–૪–૧૦ ના રોજ પત્ર ધ્વારા રજૂઆત કરવામાં આવેલ છે. જેમાં પૂરક વિગત તરીકે યુસીડી/૧૬૫૪ તા.૧૯–૩–૧૦ થી આપેલ માહિતીના પત્રની નકલ, રૂા.૬/– ભરપાઈ કર્યાના રસીદ નં.૩૩૧૭૧૧ તા.૨૨–૩–૧૦ ની રસીદની નકલ, યુસીડી/૪૪ તા.૭–૪–૧૦ ના રોજ આપેલી માહિતીના પત્રની નકલ, બીપીએલ કાર્ડની યાદીમાં સમાવેશ કરવાની અરજીની નકલ, તથા ચૂંટણીકાર્ડની નકલ, યુસીડી વિભાગ તરફથી આરોગ્ય અધિકારી જિલ્લા પંચાયત અમરેલીને તબદીલ કર્યાના પત્રની નકલ રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને યુસીડી/૧૧૯ તા.૨૨–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, આ.નં.૧૬૫૪ તા.૧૯–૩–૧૦ થી આરોગ્ય અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, બીપીએલ કાર્ડની યાદીમાં સમાવેશ કરવાની અરજીની નકલ, યુસીડી નં.૧૬૫૪ તા.૧૯–૩–૧૦ ના પત્રની નકલ, યુસીડી/૪૪ તા.૭–૪–૧૦ ના પત્રની નકલ, રસીદ નં.૩૩૧૭૧૧ તા.૨૨–૩–૧૦ ની રસીદની નકલ, યુસીડી વિભાગમાં આરટીઆઈ હેઠળ આવેલ અરજીના પત્રકની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૨–૨–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧. તા.૨–૨–૦૮ ના રોજ વરીયા ઝવેરભાઈ પાંચાભાઈ નામની બી.પી.એલ. યાદીમાં નામ દાખલ કરવાની અરજી આપેલ છે. અરજી નં.૨૭૩૪૯ જે આ સાથે સામેલ છે. તો આ અરજીની બાબતમાં થયેલ કાર્યવાહીની તમામ માહિતી આપવામાં આવે. મુદ્દા નં.૨. મુ. ખડાધાર તા.ખાંભા જિ. અમરેલીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફની ખાલી જગ્યાઓની ભરતી કરવા બાબતે નાયબ સચિવશ્રી માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક મુમક/કા.અ./૩૧૬૬ /૦૯ તા.૨–૧–૧૦ ના પત્રની મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી જિલ્લા પંચાયત, અમરેલી ધ્વારા થયેલ કામ બાબતમાં માહિતી આપવામાં આવે. મુદ્દા નં.૩ તા.૧–૨–૧૦ થી તા.૧૧–૨–૧૦ સુધીમાં આપની કચેરીને આરટીઆઈને લગતી મળેલ તમામ અરજીની નકલ આપવામાં આવે. મુદ્દા નં.૪. મુ. ખડાધાર તા.ખાંભા જિ. અમરેલીના પશુ દવાખાનામાં હાલના ફરજ પરના ડોકટરનું નામ તથા તેના જોબચાર્ટની નકલ આપવામાં આવે. આમ અરજદારે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગવામાં આવેલ. જેમાં ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી યુસીડી તરફથી મુદ્દા નં.૨ અને ૪ અન્ય સત્તા મંડળને લગતા હોય આ.નં.૧૬૫૪ તા.૧૯–૩–૧૦ થી આરોગ્ય અધિકારીશ્રી જિલ્લા પંચાયત અમરેલી મુ. પો. ખડાધાર તા. ખાંભા જી. અમરેલીને તબદીલ કરવામાં આવેલ છે જયારે મુદ્દા નં.૧ અને ૩ અંગે પત્ર નં.યુસીડી/૧૬૫૪ તા.૧૯–૩–૧૦ થી મુદ્દા નં.૧ માં બીપીએમ કાર્ડ યાદીમાં નામ દાખલ કરવા બાબતેની સંદર્ભે ચકાસણી દરમ્યાન તમો ત્યાં રહેતા માલુમ ન પડેલ હોવાથી તમારી અરજી દફતરે કરવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૩ સંદર્ભે તા.૧–૨–૧૦ થી તા.૧૧–૨–૧૦ સુધી આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળ યુસીડી વિભાગને કુલ –૪ અરજીઓ મળેલ છે. તેવી માહિતી માં જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ વધુમાં મુદ્દા નં.૧ ની કાર્યવાહી નોંધ સહિતના કુલ પાના નંગ–૩ ના પ્રતિ પેઈજ રૂા.૨/– લેખે કુલ રૂા.૬/– નાગરીક સુવિધા કેન્દ્ર સુરત મહાનગરપાલિકા ખાતે જમા કરાવી તેની વિગત રસીદ રજૂ કરવી રસીદ રજૂ કર્યેથી નકલ પૂરી પાડવામાં આવે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે તા.૧૩–૪–૧૦ ના રોજ માહિતી સંતોષકારક અને અધૂરી વિગતે મળેલ હોવાથી અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને આરટીઆઈ સેલ / ૧૦૬ તા.૨૦–૪–૧૦ થી માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ તથા મળેલ માહિતી અધૂરી છે તે અંગે આધારસહ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૩–૪–૧૦ ના રોજ મુદ્દા નં.૧ ની કાર્યવાહીની નોંધ મળેલ નથી. મુદ્દા નં.૩ ની માહિતી નકલ મળેલ નથી તથા મુદ્દા નં.૨ અને ૪ તબદીલ પત્ર

નિયત સમય મર્યાદામાં તબદીલ કરેલ નથી.જે અંગે અરજદારે તા.૨૨–૩–૧૦ ના રોજ રસીદ નં.૩૩૧૭૧૧ થી રૂા.૬/– ભરપાઈ કરેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.યુસીડી/૪૪ તા.૭–૪–૧૦ થી બીપીએલ અરજી ભરેલા ફોર્મ અને થયેલ કાર્યવાહી સહિતની પાના નંગ–૩ ની નકલ પૂરી પાડયાનું જણાવેલ છે. અરજદારે રજુ કરેલ મળેલ માહિતીની વિગત જોતાં તેમની અરજીના પાછળના ભાગે " અરજદાર વતનમા રહેવા ગયા છે " તેવા તા.૯–૪–૦૯ નો શેરો મારેલ જણાય છે. જયારે ઓળખ કાર્ડની નકલ મળ્યાનું અરજદારે સ્વીકારેલ છે પરંતુ કુલ ૩ પાનામાં મુદ્દા નં.૩ના પત્રકનો સમાવેશ થતો હોય તેવી કોઈ વિગત જાહેર માહિતી અધિકારીના તા.૭–૪–૧૦ ના પત્રમાં જણાવેલ નથી. આમ મુદ્દા નં.૧ અંગે કોઈ તકરારને સ્થાન જણાતું નથી. તેમજ મુદ્દા નં.૨ થી ૪ અંગે તા.૧૯–૩–૧૦ ના રોજ નિયત સમયઅવધિ બાદના તબદીલ પત્રથી તબદીલ કરવામાં આવેલ છે જે હકીકતલક્ષી માહિતીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પુરી પડાયેલ મુદ્દા નં.૩ની માહિતિ આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭માં પુરી પાડવા ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)ને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૨ અને ૪ અન્ય જાહેર સત્તા મંડળને તબદીલ થયેલ હોઈ તે અંગે અત્રેથી કોઈ અપીલીય કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વરિયા ઝવેરભાઈ પાંચાભાઈ,